ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૨ ટકા

# શહેરમાં ઠેરઠેર કચરાના દ્રશ્યો યથાવત્

## પાનખરમાં પડેલો કચરો હજી પણ ઘણી જગ્યાએ જોવા મળી રહયો છે :વરસાદમાં ઝેરી જીવજંતુઓ નીકળતાં હોવાથી માર્ગોની આસપાસ રહેલો કચરો સાફ કરવાની લોકમાંગણી





ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં પાનખર ઋતુમાં પડેલો પાંદડાઓનો કચરાનું મનપા તંત્ર દ્વારા સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી રહયું છે. છેલ્લા ત્રણ-ચાર દિવસોમાં ઠેક-ઠેકાણે પડેલા પાંદડાઓની સફાઈ કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં સરકારી જગ્યાઓ પર અને માર્ગોની આસપાસ કરેલી તાર ફેન્સીંગ આસપાસ પાનરમાં પુષ્પવર્ષા થઈ હતી અને કચરાના થર જામી ગયા હતા. જ્યાં પાંદડાઓ સુકાયેલા હોવાથી અગમ્ય કારણોસર આગ લાગવાની પૂરેપૂરી સંભાવના હતી. વરસાદના આગમનથી આ કચરો ભીનો થઈ પામ્યો હતો અને ગંદકીના દ્રશ્યો જોવા મળતા હતા. શહેરમાં આ સરકારી જગ્યાઓ પરથી પાંદડાઓનો કચરો દુર થવાથી સ્વચ્છતા જોવા મળી રહી છે. જો કે હજી પણ ઘણા વિસ્તારોમાં સફાઈ અભિયાન કરવામાં આવ્યું નથી. જેમાં વરસાદી પાણી ભરાવાથી ગંદકી સર્જાઈ રહી છે. આ પાંદડાઓમાં ઝેરી જીવજંતુઓ પણ અવરજવર કરતાં હોય છે. શહેરીજનો વોકીંગ માટે ફુટપાથ ઉપર નીકળતાં હોય છે ત્યારે ફુટપાથની આસપાસ રહેલી આ ગંદકીમાંથી ઝેરી જીવજંતુઓ કરડવાની ભીતી નાગરિકોમાં રહેલી છે. ઝેરી જીવજંતુઓ વરસાદના મોસમમાં વધારે નીકળે છે તેથી શહેરમાં સાફ-સફાઈ કરવી શહેરીજનો માટે જ હિતાવહ પૂરવાર રહેશે. શહેરમાં તાજેતરમાં જ ૭૦ જેટલા સાપ એક સાથે નીકળી આવ્યા હતા. તેથી શહેરીજનોમાં પણ ભયનો માહોલ છે. તેથી મનપા તંત્ર દ્વારા શહેરમાં રહેલા કચરાને તંત્ર દ્વારા શહેરમાં રહેલા કચરાનાનિકાલ માટે અવશ્ય કામગીરી નિકાલ માટે અવશ્ય કામગીરી હાથ ધરવી જોઈએ. ગંદકીને લગતી ફરિયાદો પણ વધી રહી છે. ડોર ટુ ડોર કચરો લેવાવાળી ગાડીઓ ઘણી જગ્યાએ નિયમિત ન આવતાં શહેરીજનોની ફરિયાદો આ બાબતે રહેતી જ હોય છે. વરસાદી દિવસોમાં કચરાના કારણે દુર્ગંધ પણ ફેલાઈ રહી છે તેથી નિયમિત રીતે શહેરમાં સફાઈ થવાની લોકમાંગણી ઉઠી રહી છે.

## જન્મદિને વધામણી



રીટાબેન ચૌહાણ
મો. ૯૫૩૭૫ ૭૯૮૩૪



આરવ મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૮૧૪૦૧ ૮૦૨૯૪



અનોખી દુષ્યંત દવે

### પતંજલિ યોગ સમિતિ અને ડિવાઇન યોગ નેચરોપેથી સેન્ટર દ્વારા

## આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સ્ટાફ ટ્રેનિંગ ઓડિટોરિયમ ખાતે ભારતીય પરંપરા પ્રમાણે ગુરુ-શિષ્યના અનમોલ ઋણાનુબંધને ઉજાગર કરવા ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો હતો. જેમાં કાર્યક્રમની શરૂઆત ગાંધીનગર જિલ્લા યજ્ઞ પ્રભારી ગીતાબેન જોબનપુત્રાની સમગ્ર ટીમ દ્વારા વૈદિક હવન કરી કરવામાં આવી. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય અતિથિ ચિલોડા આર્મી કેમ્પ ના મુખ્ય કમાન્ડર સાંઈ પ્રસાદજી, સામવેદ ગ્રુપના બિલ્ડર જીગ્નેશભાઈ પટેલ તથા રુદ્ર ડેવલોપરના શૈલેષભાઈ પ્રજાપતિ ની સાથે જોષી દાદા, ગુરુ માતા સીતાજી અને યોગાચાર્ય ડોક્ટર કાનજીભાઈ બાવરી દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ગુરુ વંદના આ કાર્યક્રમને પ્રોત્સાહક, આનંદદાયક અને યાદગાર બનાવવા ભારતીય પરંપરા, ગુરુભક્તિ અને દેશભક્તિ રજુ કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. જેમાં શિવસ્તુતિ જયદીપા રાજગુરુના નેતૃત્વ હેઠળ પ્રાચીન ગરબો ગીતાબેન જોબનપુત્રાના અને કોરિયોગ્રાફર હેતલબેન નેતૃત્વ હેઠળ,અર્વાચીન ગરબો કવિતાબેન રાઠોડના નેતૃત્વ હેઠળ ગુરુભક્ત આરુણિનું નાટક ખુશ્બુબેન નાયકના નેતૃત્વ હેઠળ તેમજ યોગ પિરામિડનો કાર્યક્રમ હર્ષિલ ભાઈ અને કવિતાબેન નેતૃત્વ હેઠળ ખૂબ જ અદભુત રીતે પ્રદર્શિત કરવામાં આવી આ ઉપરાંત પ્રોફેસર બીજલ ગઢીયા દ્વારા સુંદર સ્વરચિત કાવ્ય પઠન કરવામાં આવ્યું. ત્યારબાદ ભારતીય વીરાંગના ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ઉપર વૈશ્વિ દેસાઈ દ્વારા એક પાત્રીય અભિનય રજૂ કરવામાં આવ્યો અને પ્રમોદ ભાઈ ઉપાધ્યાય દ્વારા દેવી કે પ્રસાદ કા ફુલ ઉપર અત્યંત લાગણીશીલ એક પાત્રીય અભિનય રજૂ કરવામાં આવ્યો. ગુરુપૂર્ણિમા મહોત્સવ ના કાર્યક્રમમાં ગુરુનું મહાત્મ્ય પ્રિયંકાબેન બંધીયા કે જેવો ડી.વાય.એસ.ઓ તરીકે કાર્ય કરી રહ્યા છે તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવ્યું. સંસ્થા દ્વારા ગાંધીનગર જિલ્લામાં વિવિધ સ્થળોએ નિઃશુલ્ક યોગ ક્લાસ ચલાવતા શિક્ષકોને તેમના ઉમદા સેવા કાર્ય બદલ મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ ઉપરાંત મહિલા પતંજલી યોગ સમિતિ ગાંધીનગર દ્વારા આયોજિત પ્રશિક્ષણ શિબિરના સર્ટિફિકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં યોગાચાર્ય ડોક્ટર કાનજીભાઈ બાવરીનું તથા તેમના ધર્મપત્ની સીતાજીનું ગુરૂ પૂજન કરી પ્રસાદ લઈ યોગને વિકલ્પ રહિત સંકલ્પ બનાવી કાર્યક્રમનું સમાપન કર્યું. કાર્યક્રમના ઉત્કૃષ્ટ સંચાલન માટે એન્કર ઉર્મિલાબેન ઝણકાટ, યુવા પ્રભારી પ્રકાશભાઈ વણજારા, મહામંત્રી જે બી મહેતા સાહેબ, કિસાન સમિતિના પ્રભારી શૈલેષભાઈ પટેલ, મીડિયા પ્રભારી આશિષભાઈ દેસાઈ, સંવાદ પ્રભારી ટીનાબેન તથા કર્મઠ કાર્યકર્તા એવા હિતેન્દ્રભાઈ બાવરી, અમિતાબેન, વાગમીનભાઈ ભાઈ પંડ્યા અને પ્રિયંકા બેન પંડ્યાનો મહિલા પતંજલિ પ્રભારી ડોક્ટર નેહલ દેસાઈ હૃદયના ઊંડાણથી આભાર વ્યકત કરાયો હતો.



આગામી દિવસોમાં યોજાનાર સાર્વજનિક ગણેશોત્સવની તૈયારીના ભાગરૂપે સેક્ટર-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની બેઠક યોજાઈ હતી. આ વર્ષે ૫૩માં સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે.

## કડવા પાટીદાર સમાજ ગાંધીનગરના નવા હોદ્દેદારોની વરણી કરાઈ



કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરની તા.૧૭મીના રોજ પ્રથમ કારોબારી બેઠક સમાજ ટ્રસ્ટી અરવિંદભાઈ ટી.પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં સાલ-૨૦૨૨/૨૩ના વર્ષ માટે હોદ્દેદારો તરીકે પ્રમુખ-ગણેશભાઈ એસ.પટેલ, મહામંત્રી-દિનેશભાઈ ડી.પટેલ, ખજાનચી-અશોકભાઈ કે.પટેલ, ઉપપ્રમુખ-મહેન્દ્રભાઈ એ.પટેલ, સહમંત્રી-દશરથભાઈ સી.પટેલ અને વસંતભાઈ જી.પટેલ તથા આંતરિક ઓડીટર તરીકે દશરથભાઈ પી.પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં સમાજના ટ્રસ્ટીઓ, દાતાઓ અને કારોબારી સભ્યોએ હાજરી આપી હતી.

## શ્રી દંઢાંવ્ય સત્યાવીસ ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોતેજક મંડળની બેઠક યોજાઈ



શ્રી દંઢાંવ્ય સત્યાવીસ ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોતેજક મંડળ ની તારીખ ૧૭ જુલાઈ ૨૦૨૨ ને રવિવારે શ્રી વરદાયિની માતાના સાનિધ્યમાં રૂપાલ ગામે કારોબારીની મીટીંગ મળી હતી જેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો અને શિષ્ય વૃત્તિ આપવા માટે તેમજ મંડળ ને ૭૫ વર્ષ પૂરા થવાથી શાનદાર ઉજવણી કરવા વિચારણા કરી હતી સમાજ માંથી વધુમાં વધુ યોગદાન મળે તેવુ આયોજન પણ કરવા વિચારણા કરી જેથી ઉજવણી એક સારૂ સંભારણુ બની રહે. આ મિટિંગ માં પ્રમુખ નવનીતલાલ ભટ્ટ, સહમંત્રી ઉપેન્દ્રભાઈ દિવ્યશ્વર, સહમંત્રી ડો જે કે ઉપાદયાય, મંત્રી હર્ષદભાઈ વ્યાસ, ખજાનચી નવીનચંદ ત્રિવેદી, કારોબારી રાજેશભાઈ દવે, કૌશિકભાઈ ત્રિવેદી, હરેશભાઈ દવે, સનંતભાઈ દવે, બિપીનભાઈ જાની હાજર રહ્યા હતા.

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુરુ પૂજન અને શૈક્ષણિક સામગ્રી વિતરણનો કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૭

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે, ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૮ ના બાળકો માટે ગુરુ પૂજન અને શૈક્ષણિક સામગ્રીના વિતરણનો કાર્યક્રમ આયોજિત કરવામાં હતો. શાળાના આચાર્ય મિત્તલબેન પટેલ અને તમામ શિક્ષકોએ પધારેલ મહાનુભાવોનું ગુરુપૂજન કર્યુ હતું અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ શિક્ષકોનું ગુરુપૂજન કર્યું હતું. ઉદગમ મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષી અને ટ્રસ્ટના સભ્યો દ્વારા બાળકોને ચોકલેટ અને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગરમાં વાવોલ ખાતે આવેલ વૈદેહી ટુ રેસીડેન્સીમાં રવિવારે કુવારીકાઓને વ્રત નિમિત્તે દીકરી વંદન દીકરીઓનું સન્માન અને સાત્વિક ભોજન તેમજ કુવારીકાઓને લાહણી કરવામાં આવી તેમાં સોસાયટીમાં રહેતા તમામ બાળકો દીકરા અને દીકરીઓને આઈસ્ક્રીમની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

## ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સતત ત્રીજા વર્ષે "શબ્દ" દીપોત્સવી અંક પ્રકાશિત કરાશે



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા છેલ્લા બે વર્ષથી એમનો દીપોત્સવી અંક "શબદ" પ્રકાશિત કરવામાં આવે છે. વૈવિધ્યસભર ગદ્ય પદ્ય રચનાઓથી સમૃદ્ધ દળદાર શબદ દીપોત્સવી સાહિત્ય પ્રેમીઓને ખૂબ પસંદ આવે છે. ગુજરાતના વિવિધ દીપોત્સવી અંકમાં હવે શબદ દીપોત્સવી અંકે એની આગવી ઓળખ ઊભી કરી છે.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા આ વર્ષે પણ શબદ દીપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવશે. આ અંકમાં માત્ર ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોને એમની ગદ્ય પદ્ય રચનાઓ પાઠવવા ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે આમંત્રણ આપ્યું છે. પદ્યમાં મહત્તમ સાત શેરની ગઝલ કે અન્ય પ્રકારમાં ચૌદ લાઈનથી વધુ નહીં એવી રચના મોકલવાની રહેશે જ્યારે ગદ્યમાં ૧૨૦૦ થી ૧૫૦૦ શબ્દોની મર્યાદામાં નવલિકા કે લઘુકથા મોકલવાની રહેશે.

ગાંધીનગર સાહિત્ય સભાના શબદ દીપોત્સવી અંકની બેઠક કવિ શ્રી કિશોર જિકાદરાના નિવાસ સ્થાને મળી હતી જેમાં સંપાદક મંડળના કવિ શ્રી કિશોર જિકાદરા, કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી, વાર્તાકાર શ્રી કલ્પેશ પટેલ અને સાહિત્યકાર શ્રી રમેશ ઠક્કર સાથે કોલમિસ્ટ સંજય થોરાત હાજર રહ્યા હતા. અન્ય સંપાદક શ્રી રમણભાઈ વાઘેલા અનિવાર્ય કારણોસર હાજર રહ્યા નહોતા. આવનારા સમયમાં ત્રણ પુસ્તકોના વિમોચન અને શબદ દીપોત્સવી અંકની તૈયારી કરવામાં આવી હતી.

## સંસ્કાર ભારતી ગાંધીનગર દ્વારા ગુરૂપૂજનનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

સંસ્કાર ભારતી ગાંધીનગર દ્વારા ગુરુપૂર્ણિમાના શુભ અવસરે ગાંધીનગરની કલા, સાહિત્ય અને સંગીત સાથે સંકળાયેલા તમામ આદરણીય ગુરુઓ માટે ગુરુ પૂજનનો કાર્યક્રમ અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

ગુરુ પૂજન કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદીનું શાલ ઓઢાઢી સ્વાગત સંસ્કાર ભારતી ગાંધીનગર ના અધ્યક્ષ ભીખુદાન ગઢવીએ કર્યું હતું. સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદીએ તેમના અધ્યક્ષીય ઉદબોધનમાં સંસ્કાર ભારતીના કાર્યોની માહિતી આપતા જણાવ્યું કે જે લોકો ભારત મને પ્રેમ કરે છે તે સહુ સંસ્કાર ભારતી સાથે જોડાઈ શકે છે. ગુરુ પૂર્ણિમાની મહાનતા સમજાવતા તેઓએ કહ્યું કે ગુરુ પૂજન એ આપણી પરંપરાનું ખુબ જ અગત્યનું અંગ છે. ગુરુ પૂજન દ્વારા આપણે આપણી ઉજળી પરંપરાનું પાલન કરીને ગુરુજનોનો ઋણ સ્વીકારીને તેમનું સન્માન કરીયે છીએ.

ત્યારબાદ સંસ્કાર ભારતી ગાંધીનગરના આમંત્રણને માન આપીને પધારેલા ગાંધીનગરના ગુરુમાં સાહિત્ય ક્ષેત્રે કેશુભાઈ દેસાઈ, નાટ્યમાં પ્રકાશ લાલા અને હસમુખ મેકવાન, શાસ્ત્રીય સંગીતમાં પિનાકીન વ્યાસ, લોકનૃત્ય બિન્ની દવે અને નીતિન દવે, માનસી(હેમા) ભટ્ટ તથા ભાવિન પટેલ, ગાયક ભીખુદાન ગઢવી, કાશ્મીરબેન ગોહિલ, મેલાણી ઠાકોર, જુગાજી ઠાકોર ભાવ પૂજન કુંકુમ તિલક સાથે શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અરવિંદ કેન્દ્રના શિષ્યો દ્વારા પિનાકીન વ્યાસ અને દિવ્યા પારેખનું ગુરુપૂજન તેમના શિષ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

ગુરુ પૂજનના પ્રસંગના અંતે ગાંધીનગર સંસ્કાર ભારતીના સંગઠન મંત્રી ડો. મયુર જોષીએ આભારદર્શન કરતા જણાવ્યું હતું કે સમગ્ર ગુરુ પૂજનના પ્રસંગને સફળ બનાવવા માટે સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીના માર્ગદર્શનમાં ખુબ જ સરસ રીતે પર પાડવા માટે ગાંધીનગર સંસ્કાર ભારતીના ખજાનચી શ્રી રાકેશ પટેલે મહત્વપૂર્ણ યોગદાન સાથે પિનાકીન વ્યાસ અને અરવિંદ કેન્દ્ર તથા સર્વે ગુરુજનોનો આભાર માન્યો હતો.

પધારેલ સહુને ગાંધીનગર સંસ્કાર ભારતીમાં જોડાવા માટે અપીલ કરી હતી.

## હિંડોળા દર્શન

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સોમવારે મોતીના હિંડોળા યોજાશે

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શાહુ ગાયત્રી દ્વારકા, ઉ.વ.૦૩, સરગાસણ
- સ્વ.વ્યાસ બાલકૃષ્ણ રવિશંકર, ઉ.વ.૪૫, છાલા
- સ્વ.પટેલ કાળાભાઈ રામદાસ, ઉ.વ.૬૮, દેલવાડ, માણસા
- સ્વ.પટેલ નરસિંહભાઈ રામજીભાઈ, ઉ.વ.૬૧, સેકટર-૨૬
- સ્વ.ગોહિલ જશુબા ગાંડાજી, ઉ.વ.૭૫, ઈન્દ્રોડા